RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 29 * Date: 21.11.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# અણઘડ વહીવટ અને તૈયારી વિના SIRના કારણે નાગરિકો હેરાન પરેશાન






બિહારની ચૂંટણીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાના અમલ બાદ ભાજપના નેતૃત્વ હેઠળના દ્રહ્ઠછને જંગી બહુમતીથી જીત મળી હતી. હવે આ જ એસઆઈઆર પ્રક્રિયા પશ્ચિમ બંગાળમાં શરૂ થવાની હોવાથી મુખ્યમંત્રી મમતા બેનરજીની ચિંતામાં વધારો થયો છે.

CM મમતાએ ચૂંટણી પંચના મુખ્ય અધિકારીને પત્ર લખ્યો

મમતા બેનરજીએ એસઆઈઆર શરૂ થાય તે પહેલા જ કેન્દ્રીય ચૂંટણી પંચના મુખ્ય અધિકારી જ્ઞાનેશ કુમાર (Chief Election Commissioner Gyanesh Kumar)ને એક પત્ર લખીને એસઆઈઆર અંગે ચિંતાઓ વ્યક્ત કરી છે. મમતા બેનરજીએ આ પત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા એસઆઈઆર પ્રોગ્રામને લઈને ચૂંટણી પંચ સમક્ષ અપીલ કરી છે કે એસઆઈઆરના કારણે બંગાળમાં પરિસ્થિતિઓ ખૂબ જ ખતરનાક તબક્કે પહોંચી ગઈ છે.

SIRની પરિસ્થિતિ ખતરનાક તબક્કે પહોંચી : CM મમતા

ચૂંટણી પંચના મુખ્ય અધિકારી જ્ઞાનેશ કુમારને લખેલા પત્રમાં મમતા બેનરજીએ કહ્યું છે કે, 'હું તમને આ પત્ર લખવા માટે મજબૂર છું, કારણ કે, ચાલી રહેલા અ ેસઆઈઆરની પરિસ્થિતિઓ ખૂબ જ ખતરનાક તબક્કે પહોંચી ગઈ છે. આ કામ અધિકારીઓ અને નાગરિકો પર લાદવામાં આવ્યું છે, જે પ્લાન વિનાનું અને અસ્તવ્યસ્ત જ નહીં, પણ ખતરનાક પણ છે. બેઝિક તૈયારી, યોગ્ય આયોજન અથવા કોમ્યુનિકેશનની સમસ્યાના કારણે આ પ્રક્રિયા પહેલા દિવસથી જ નબળી પડી છે.'

SIRની કામગીરીમાં ખામી હોવાનો મમતાનો દાવો

મુખ્યમંત્રી મમતા બેનરજી (West Bengal CM Mamata Banerjee)એ એવું પણ લખ્યું છે કે, 'જે લોકોને SIRની કામગીરી સોંપાઈ છે, તેઓની ટ્રેનિંગમાં મોટી ખામીઓ, જરૂરી દસ્તાવેજો પર સ્પષ્ટ માહિતીનો અભાવ અને રોજગારની કામગીરી વખતે મતદારોને મળવું અશક્ય છે, તેથી SIRનું કામ માળખાકીય રીતે યોગ્ય નથી.'

## રાજકોટમાં ખેતલા આપા મંદિરમાં વન વિભાગનો દરોડો

રાજકોટ,

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં માર્કેટિંગ યાર્ડ નજીમ આવેલું ખેતલા આપાનું મંદિર લોકો માટે અસ્થાનું કેન્દ્ર છે. મંદિરમાં અંદાજીત ૧૦૦ જેટલા સાપ રહે છે. લોકો આ સાપને ખેતલા આપા હાજરા હજુર છે તેનું માને છે. મંદિરમાં આવતા દર્શનાર્થીઓ સાપને હાથમાં લઈને દર્શન કરતા હોય છે. ભરવાડ સમાજના લોકો મોટી સંખ્યામાં ખેતલા આપા પર આસ્થા ધરાવે છે એટલે જ ખેતલા આપાના મંદિરે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શન માટે આવતા હોય છે. તાજેતરમાં જ સોશ્યલ મીડિયા પર ખેતલા આપા મંદિરનો વિડીયો વાયરલ થયો હતો. જે વિડીયો આધારે રાજકોટ શહેર ઉત્તર રેન્જ વન વિભાગના અધિકારીઓએ તપાસ કરાવી હતી. જેમાં મંદિરમાં સાપની ખેતલા આપા તરીકે પૂજા કરવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓએ ગઈકાલે સાંજે દરોડો કરી મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયાની અટકાયત કરી ૫૨ જેટલા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વન વિભાગની કાર્યવાહી બાદ લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા. લોકોએ કહ્યું હતું કે, ખેતલા આપા સાથે અમારી આસ્થા જોડાયેલી છે. વન વિભાગે એક વખત અમને પૂછી તો જોવું હતું. વન વિભાગના અધિકારીઓ જેને સાપ કહે છે તેનું અમે પૂજન કરીએ છીએ અને તે અમારો બાપ ખેતલા આપા છે. તો બીજી તરફ રાજકોટ શહેર ઉત્તર રેન્જના DCF યુવરાજસિંહ ઝાલાએ કહ્યું હતું કે, મંદિરમાં કોમન સેન્ડ બુઆ જાતિના સાપ હોવાની માહિતી મળી હતી. ૫૨ જેટલા સાપ મળી આવ્યા હતા. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટને કારણે શેડ્યુલ ૨માં આવે છે. જેને કોઈ એક જગ્યાએ રાખવા તે ગુનો બને છે. મંદિરના મહંત મનુ મણીરામ દુધરેજીયા સામે કાર્યવાહી કરવામાં આવી છે. જોકે સાપની કોઈ તસ્કરી કરવામાં આવતી હોય તેવું સામે આવ્યું નથી. આગામી દિવસોમાં આવા પ્રાણીઓ રાખતા મંદિરોમાં પણ તપાસ કરવામાં આવશે.



શિડયુલ ૨ના પ્રાણીઓ રાખવા ગુનો છે અને તેમાં ૬ મહિનાની સજાની જોગવાઈ છે. મહંત મનુ મણીરામ દુધરેજીયા હાલ જામીન મુક્ત થયા છે. પરંતુ જરૂર પડશે તો વધુ તપાસ માટે પણ બોલાવવામાં આવશે. ખેતલા આપાનું મંદિર ધાર્મિક આસ્થા સાથે જોડાયેલું હોવાથી લોકો મંદિરે સાપ મૂકી જતા હોવાનું સામે આવ્યું છે. મહંત પણ સાપ પકડવાનું જાણતા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. હાલ આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.

સાપ એ મોટી કેટેગરી ગણાય તેની અંદર પેટે રેલતા સરીસૃપો આવી જાય. પણ જેને પૂજનીય ગણવામાં આવે છે તે નાગની કેટેગરીના સાપ છે. મંદિરમાંથી જે કોમન સેન્ડ બોઆ રેસ્ક્યુ કરાયા છે તે સાપ ખરા પણ નાગ નહિ. સાદી ભાષામાં તેને અંગોઠિયું કહેવાય છે. આવી જ કેટેગરીમાં આંધળી ચાકળ, અજગર બધા જ આવે. અહીં બોઆને નાગ તરીકે બતાવી પૂજા કરાવાતી હતી. આ સાપ તદ્દન બિનઝેરી હોય છે અને તેને રેતી જેવી જગ્યા મળી જાય એટલે ત્યાં જ પડ્યા રહે છે. હાલ વન વિભાગે ૫૨ સાપને રાજકોટ જિલ્લાના અલગ અલગ વન્ય વિસ્તારોમાં મુકવાની કામગીરી શરૂ કરી છે.

## મણીનગર રેલવે ક્રોસિંગ પર પડતું મુકી પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી





અમદાવાદ,

અમદાવાદના મણીનગર રેલવે ક્રોસિંગ નજીક એક પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી છે. મળતી માહિતી અનુસાર, કર્મચારી પર પેટ્રોલપંપના સાહેબ અને અન્ય વ્યક્તિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાનું સામે આવ્યું છે.અમદાવાદના મણીનગર રેલવે ક્રોસિંગ નજીક એક પેટ્રોલપંપ કર્મચારીએ આત્મહત્યા કરી છે. મળતી માહિતી અનુસાર, કર્મચારી પર પેટ્રોલપંપના સાહેબ અને અન્ય વ્યક્તિ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. આ બંને શખ્સોએ રુપિયા માટે ટોર્ચર કર્યું હોવાનો આરોપ લગાવાયો છે.આત્મહત્યા બાદ મળેલા સ્યુસાઈડ નોટમાં રસ્મિતસિંગ ગુરુદત્ત અને હાર્દિક પટેલનાં નામનો ઉલ્લેખ કરેલો છે. નોટમાં કીરીટ પંચાલે બે લોકોના ત્રાસ અને રુપિયા માટે ટોર્ચર કરતા હોવાનો પણ આક્ષેપ કર્યો છે. આ બનાવને લઈને ખોખરા પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ CCTV ફૂટેજ, સાક્ષીઓ અને અન્ય પુરાવાઓનો વિશ્લેષણ કરી રહી છે.

## કાયદેસર રીતે પરણેલી મહિલાને લગ્નના નામે શારીરિક સંબંધો માટે રાજી ન કરી શકાય




ચંદીગઢ,

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે લગ્નની લાલચ આપીને દુષ્કર્મના એક કેસમાં મહત્ત્વનો ચુકાદો આપ્યો છે કે, કાયદેસર રીતે પરણેલી મહિલાને લગ્નના નામે શારીરિક સંબંધો માટે રાજી ન કરી શકાય. કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધો બાંધતી વખતે પણ મહિલા કાયદેસર રીતે પરિણીત હતી.

મીડિયા રિપોર્ટ અનુસાર, હાઈકોર્ટે આ કેસમાં નોંધાયેલી FIR રદ કરવાનો આદેશ આપ્યો છે. અરજી પર સુનાવણી કરી રહેલાં જસ્ટિસ શાલિની સિંહ નાગપાલે જણાવ્યું કે, ફરિયાદ કરનાર (મહિલા)એ અરજદાર (પુરુષ)ના લગ્નના વચનોના પ્રભાવ હેઠળ શારીરિક સંબંધ બાંધ્યા હોય તેવું માની શકાય નહીં. તેમણે એવું પણ નોંધ્યું કે, મહિલા આ સમયગાળા દરમિયાન અરજદાર સાથે સહમતિથી શારીરિક સંબંધોમાં સામેલ રહી હતી.

જસ્ટિસ નાગપાલે સ્પષ્ટ કર્યું કે, જ્યારે પુષ્ન અને પરિણીત મહિલા લગ્નના વચન પર સહમતિથી શારીરિક સંબંધ ચાલુ રાખે છે, ત્યારે તે તથ્યોની ખોટી ધારણા હેઠળ કરેલું કાર્ય ગણાતું નથી, પરંતુ લગ્નનું અપમાન છે. આવા કિસ્સામાં અરજદાર પર ગુનાહિત જવાબદારી નક્કી કરવા IPCની કલમ ૯૦ લાગુ કરી શકાય નહીં. કોર્ટે એ પણ નોંધ્યું કે, ફરિયાદ કરનાર મહિલા પોતાના પતિ સાથે પરિણીત હોવા છતાં, એક વર્ષથી વધુ સમય સુધી અરજદાર સાથે સહમતિથી સંબંધમાં હતી.

કોર્ટે વધુમાં જણાવ્યું કે, એવું લાગે છે કે ફરિયાદ કરનાર મહિલા લાંબા સમયથી અરજદાર સાથે શારીરિક સંબંધોમાં હતી. જો કે, જ્યારે અરજદારની સગાઈ મહિલાની બહેન સાથે થઈ, ત્યારે તેની લાગણીને ઠેસ પહોંચી અને તેથી કેસ નોંધવામાં આવ્યો. કોર્ટના મતે, અરજદાર વિરુદ્ધ FIRના આરોપો અને CrPCની કલમ ૧૬૪ હેઠળના નિવેદનોને માન્ય રાખવામાં આવે તો પણ, કાયદેસર રીતે પરિણીત મહિલાને લગ્નના વચન આપીને શારીરિક સંબંધો માટે રાજી કરી શકાય તેવું માનવું અશક્ય છે.

### ૪ લાખનું વળતર ચૂકવવા ગાંધીનગર પોક્સો કોર્ટનો ચુકાદો

## પોક્સોના આરોપીને ૨૦ વર્ષની કેદની સજા અને ૧૪ હજારનો દંડ



ગાંધીનગર,

ગાંધીનગર પોક્સો કોર્ટે એક ચૂકાદામાં પોક્સોના આરોપી હરેશકુમાર ઉર્ફે લાલભાઈ મોઘજીભાઈ ચૌધરીને ૨૦ વર્ષની કેદની સજા અને ૧૪ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ ઉપરાંત ભોગ બનનારને ૪ લાખનું વળતર ચૂકવવા પણ આદેશ કર્યો છે.કેસની વિગત એવી છે કે વર્ષ ૨૦૨૨ના જુલાઇ માસમાં પેથાપુર પોલીસ મથકમાં આરોપી હરેશકુમાર ઉર્ફે લાલભાઈ મોઘજીભાઈ ચૌધરી સામે પોક્સોની ફરિયાદ દાખલ થઈ હતી. આરોપીએ ફરિયાદીની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી લગ્ન તેમજ જારકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો અને તેની મરજી વિરુધ્ધ બળજબરીથી વારંવાર શરીર સંબંધ બાંધ્યો હતો. તેવી ફરિયાદના આધારે પેથાપુર પોલીસે ગાંધીનગર પોક્સો કોર્ટમાં ગુનાની ચાર્જશીટ કરી હતી. આ કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બીજા એડિશનલ સેશન્સ જજ જે.એન. ઠક્કર સમક્ષ ચાલવા પર આવ્યો હતો.

## તંત્રી લેખ......

# ટ્રેડ ડિલની આશાએ ભારતીય શેરબજારમાં તેજી તરફી માહોલપ

ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૮૪૬૭૩ સામે ૮૪૬૪૩ પોઈન્ટના મથાળેથી ખુલીને ૮૪૫૨૫ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૭૧૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૫૧૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૫૧૮૬ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

નિફટી ફયુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફયુચર આગલા બંધ ૨૫૯૪૮ સામે ૨૫૯૪૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૫૮૮૭ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફટી ફયુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૨૦૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફયુચર ૧૨૨ પોઈન્ટના ઉછાળા સાથે ૨૬૦૭૧ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તોપ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે અમેરિકાના ૪૫ દિવસના શટડાઉનનો ફંડિંગ બિલ સાઈન કરી મંજૂરી આપતાં તેમજ ટેરિફ મામલે કૂણા પડયા સાથે હવે ભારત સાથે ગમે તે ઘડીએ ટ્રેડ ડિલ થવાની અપેક્ષા અને કોર્પોરેટ પરિણામો પોઝિટીવ રહેતાં આજે સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ રહ્યું હતું. આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી મૂડીઝે વર્ષ ૨૦૨૫માં ભારત ૭% આર્થિક વૃદ્ધિ અને વર્ષ ૨૦૨૭ સુધી ૬.૫% ની વૃદ્ધિ મેળવશે એવો અંદાજ બતાવતા ભારતીય શેરબજારમાં ફંડોએ તેજી કરી હતી.

પ્રાઈમરી માર્કેટમાં ખેંચાઈ ગયેલા રોકાણકારોના નાણા હવે આઈપીઓ લિસ્ટિંગ નિરાશાજનક ડિસ્કાઉન્ટે થઈ રહ્યું હોઈ રોકાણકારો પ્રાઈમરી માર્કેટમાં રોકાણમાં સાવચેત બની ફરી સેકન્ડરી માર્કેટમાં સક્રિય બનતાં અને મ્યુચ્યુઅલ ફંડોમાં પણ રોકાણમાં સાવચેત રહી ડાયરેક્ટ શેરબજારમાં રોકાણ કરતાં શેરોમાં આજે તેજી રહી હતી.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, ટ્રમ્પના ટેરિફને કારણે અમેરિકામાં ફુગાવો ઊંચે જવાથી વ્યાજ દરમાં ઘટાડાની ઘટી રહેલી શકયતાને પરિણામે બુધવારે ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે મજબૂત થયો હતો, જયારે ક્રુડ ઓઈલના વૈશ્વિક પૂરવઠાના ડેટા જાહેર થવા પૂર્વે ભાવમાં સ્થિરતા જોવા મળી હતી.

સેક્ટર મુવમેન્ટપ બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૩૪% વધીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩૯% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર એનર્જી, ઓઈલ એન્ડ ગેસ, રિયલ્ટી, ઈન્ડસ્ટ્રિયલ્સ, પાવર અને કેપિટલ ગુડ્સ સેક્ટરમાં ઘટાડો નોંધાયો હતો, જયારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૩૫૧ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૩૩૮ અને વધનારની સંખ્યા ૧૮૪૧ રહી હતી, ૧૭૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જયારે ૯ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૦ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૪.૩૨%, ઈન્ફોસિસ લિ. ૩.૭૪%, ટીસીએસ લિ. ૧.૯૯%, હિંદુસ્તાન યુનિલિવર ૧.૫૪%, સન ફાર્મા ૧.૩૯%, ટાઈટન કંપની લિ. ૧.૨૭%, સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા ૧.૦૨%, ટેક મહિન્દ્ર ૦.૮૭%, આઈસીઆઈસીઆઈ બેક્ર ૦.૮૨%, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૭૧%, કોટક બેક્ર ૦.૭૦% અને બીઈએલ ૦.૬૧% વધ્યા હતા, જયારે ટાટા મોટર પેસેન્જર ૨.૭૯%, મારુતિ સુઝુકી ૧.૨૮%, અદાણી પોર્ટ્સ ૦.૮૩%, બજાજ ફાઈનાન્સ ૦.૬૭%, એશિયન પેઈન્ટ ૦.૬૬%, એનટીપીસી ૦.૫૮% અને આઈટીસી ૦.૫૪% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝ્ડ સેન્સેક્સ, નિફટી ફયુચરમાં ઉછાળા સાથે મિડકેપ, સ્મોલકેપ શેરોમાં લેવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૩.૨ લાખ કરોડ વધીને ૪૭૭.૧૪ લાખ કરોડ રહ્યું હતું. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૦ કંપનીઓ વધી અને ૧૦ કંપનીઓ ઘટી હતી.

બજારની ભાવિ દિશાપ. મિત્રો, ભારતીય શેરબજારની આવનારી દિશા સ્પષ્ટ રીતે સુધારાની અને વૃદ્ધિ તરફ આગળ વધી રહી છે. ગોલ્ડમેન સાક્સના અપગ્રેડ બાદ વૈશ્વિક સ્તરે ભારતની અર્થવ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. મજબૂત આર્થિક બંધારણ, સ્થિર નીતિગત પરિસ્થિતિ, નિયંત્રિત મોંઘવારી અને આરબીઆઈની સંતુલિત વ્યાજદર નીતિ રોકાણકારોના મનોબળને વધારી રહી છે. આવતા સમયમાં સરકારના વધતા મૂડીખર્ચ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, મેન્યુફેક્ચરિંગને ટેકો આપતી "મેક ઈન ઈન્ડિયા" પહેલ તેમજ ડિફેન્સ, ઓટોમોબાઈલ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં જોવા મળતી તેજી બજારને મજબૂત સપોર્ટ આપી શકે છે.

સાથે જ કોર્પોરેટ કમાણીમાં સુધારા અને ઈપીએસ વૃદ્ધિથી નિફટી અને સેન્સેક્સમાં સકારાત્મક ગતિ જળવાઈ રહેવાની શક્યતાઓ મજબૂત છે. એફઆઈઆઈ લાંબા સમયથી વેચવાલી બાદ હવે ફરી વાપસી કરી શકે છે, કારણ કે વર્તમાન વેલ્યુએશન સ્તરો વધુ આકર્ષક બન્યા છે. વૈશ્વિક મંદીનો દબાણ ઘટતો જઈ રહ્યો છે અને યુએસ ફેડ વ્યાજદર સ્થિર રાખશે તેવી ધારણા પણ ઉદ્ભવતા બજારો માટે અનુકૂળ છે. બેંકિંગ, નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ, ડિફેન્સ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં મૂલ્ય આધારિત વૃદ્ધિ જોવા મળી શકે છે.

# બાબા સિદ્દીક હત્યા કેસના મુખ્ય આરોપી અનમોલ બિશ્નોઈની અમેરિકાથી દેશનિકાલ બાદ NIA દ્વારા ધરપકડ કરવામાં આવી





નવી દિલ્હી,

બાબા સિદ્દીક હત્યા કેસના મુખ્ય આરોપી ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈની અમેરિકાથી પ્રત્યાર્પણ અને દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરાણ બાદ રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. NIA ટીમોએ અગાઉ ટર્મિનલ ૩ પર સંપૂર્ણ સુરક્ષા તપાસ કરી હતી, અને બિશ્નોઈની ફલાઇટના આગમન પછી એરપોર્ટ પર જ ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવી હતી.

**US થી દેશનિકાલ પછી NIA એ અનમોલ બિશ્નોઈની ધરપકડ કરી**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ જણાવ્યું હતું કે તેણે અમેરિકાથી ભારત દેશનિકાલ પછી અનમોલ બિશ્નોઈની ધરપકડ કરી હતી. ૨૦૨૨ થી ફરાર, યુએસ સ્થિત અનમોલ બિશ્નોઈ તેના જેલમાં બંધ ભાઈ લોરેન્સ બિશ્નોઈના નેતૃત્વ હેઠળના આતંકવાદી સંગઠનમાં સંડોવણી બદલ ધરપકડ કરાયેલ ૧૯મો આરોપી છે. માર્ચ ૨૦૨૩ માં NIA દ્વારા અનમોલ પર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, કારણ કે આ કેસની તપાસમાં જાણવા મળ્યું હતું કે તેણે ૨૦૨૦-૨૦૨૩ ના સમયગાળા દરમિયાન દેશમાં આતંકવાદના વિવિધ કૃત્યોમાં નિયુક્ત વ્યક્તિગત આતંકવાદી ગોલ્ડી બ્રાર અને લોરેન્સ બિશ્નોઈને સક્રિય રીતે મદદ કરી હતી.

બિશ્નોઈ ગેંગના વિવિધ સહયોગીઓ સાથે નજીકથી કામ કરતા, અનમોલે જમીન પરના તેના કાર્યકરોનો ઉપયોગ કરીને લોરેન્સ બિશ્નોઈ ગેંગ માટે અમેરિકાથી આતંકવાદી સિન્ડિકેટ ચલાવવા અને આતંકવાદી કૃત્યોને અંજામ આપવાનું ચાલુ રાખ્યું. તપાસમાં જાણવા મળ્યું છે કે અનમોલ બિશ્નોઈએ ગેંગના શૂટર્સ અને ગ્રાઉન્ડ ઓપરેટિવ્સને આશ્રય અને લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. તે અન્ય ગેંગસ્ટરોની મદદથી વિદેશી ધરતીથી ભારતમાં ખંડણીમાં પણ રોકાયેલો હતો.

વધુમાં, એરપોર્ટ પર તેના આગમન પહેલા બુધવારે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર સુરક્ષા કડક કરવામાં આવી હતી.

અનમોલ બિશ્નોઈ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નાનો ભાઈ છે અને ગયા વર્ષે ઓક્ટોબરમાં NCP નેતા બાબા સિદ્દીકીની હત્યામાં વોન્ટેડ છે.

રમેશ બિશ્નોઈએ કેન્દ્ર સરકારને અનમોલની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી

આ દરમિયાન, અનમોલ બિશ્નોઈના પિતરાઈ ભાઈ રમેશ બિશ્નોઈએ કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે અનમોલને ફક્ત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ભાઈ હોવાને કારણે સજા આપવામાં આવી રહી છે અને તપાસ એજન્સીઓમાં વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે પરિવારની મુખ્ય પ્રાથમિકતા તેમના સંબંધીની સુરક્ષા સુનિશ્ચિત કરવાની છે.

×કાયદો પોતાનું કામ કરશે. અમારો પરિવાર કાયદાનું સન્માન કરે છે અને અમે કાયદાનું પાલન કરનારા લોકો છીએ, પરંતુ આજે અમારી મુખ્ય ચિંતા એ છે કે જો તેને (અનમોલ બિશ્નોઈ) ભારત લાવવામાં આવી રહ્યો છે, તો ભારત સરકારે તેની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ અમારી માંગ હશે,× બિશ્નોઈએ મીડિયા સુત્રોને જણાવ્યું.

મુંબઈ પોલીસે તેના પ્રત્યાર્પણ અંગે બે દરખાસ્તો મોકલી હતી

અધિકારીઓએ જણાવ્યું હતું કે મુંબઈ પોલીસે તેના પ્રત્યાર્પણ અંગે બે દરખાસ્તો મોકલી હતી, ઉમેર્યું હતું કે દેશભરમાં ગેંગસ્ટર સામે અનેક કેસ નોંધાયેલા છે, અને કેન્દ્ર સરકાર નક્કી કરશે કે તેની કસ્ટડી પહેલા કઈ એજન્સીને સોંપવી.

આ એક બહુ-એજન્સી ઓપરેશન હતું અને ભારત લાવ્યા પછી, મુંબઈ પોલીસ પણ તેમના કેસોમાં તેની કસ્ટડી માંગશે.

આ મહિનાની શરૂઆતમાં, તપાસ એજન્સીઓને માહિતી મળી હતી કે બિશ્નોઈ, જે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા વચ્ચે ફરતો રહેતો હતો, તેને કેનેડામાં અટકાયતમાં લેવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે તેની પાસે રશિયન પાસપોર્ટ હોવાનું કહેવાય છે, જે બનાવટી દસ્તાવેજના આધારે મેળવાયો હતો.

ગયા વર્ષે અનમોલ બિશ્નોઈની અમેરિકામાં અટકાયત કરવામાં આવી હતી

ગયા વર્ષે નવેમ્બરમાં, અનમોલ બિશ્નોઈને અમેરિકામાં અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ તેના પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

૨૦૨૨ માં ગોળી મારીને હત્યા કરાયેલા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં પણ અનમોલ બિશ્નોઈનું નામ સામે આવ્યું હતું. NCP નેતા અને બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીએ PTI ને જણાવ્યું હતું કે તેમને એક ઈમેઈલ મળ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે અનમોલ બિશ્નોઈને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી ×હાંકી કાઢવામાં આવ્યો છે×. ×આનો અર્થ એ થયો કે તે યુનાઈટેડ સ્ટેટ્સમાં નથી અને તેને ભારત લાવીને તેના ગુનાઓ માટે કેસ ચલાવવો જોઈએ,× ભૂતપૂર્વ ધારાસભ્યએ ઉમેર્યું.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી બાબા સિદ્દીકની ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ રાત્રે બાંદ્રામાં તેમના પુત્ર ઝીશાનની ઓફિસ સામે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

અનમોલના મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈના નેતૃત્વ હેઠળની ગેંગ સાથે સંકળાયેલા ઘણા લોકોની સિદ્દીક હત્યામાં ધરપકડ કરવામાં આવી હતી, જે જેલમાં છે.

# નીતિશ કુમારે રાજ્યપાલને રાજીનામું સોંપ્યું, નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો



પટના,

નીતિશ કુમાર ફરી એકવાર જેડીયુના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા છે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે. જયારે બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે.

બિહારમાં બુધવારે NDAના ધારાસભ્ય દળની બેઠકમાં નીતિશ કુમારને નેતા પસંદ કરાયા છે. સમ્રાટ ચૌધરીએ ધારાસભ્ય દળના નેતા તરીકે નીતિશ કુમારના નામ પર પ્રસ્તાવ રાખ્યો, જેને સર્વસમ્મતિથી મંજૂર કરી લેવાયો. આવતીકાલ સવારે ૧૧:૩૦ વાગ્યે શપથગ્રહણ સમારોહ યોજાશે. હવે મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમાર ૧૦મી વખત બિહારની બાગડોર સંભાળશે.

બીજી બાજુ ભાજપની પટણામાં યોજાયેલી ધારાસભ્ય દળની બેઠકમાં બે નાયબ મુખ્યમંત્રી તરીકે પણ ભાજપ નેતા સમ્રાટ ચૌધરી અને વિજય સિંહાના નામને ફરી એકવાર મંજૂરી આપી દેવાઈ છે. હવે નીતિશ કુમાર બિહારના રાજયપાલ આરિફ મોહમ્મદ ખાનને મળીને રાજીનામું સોંપ્યું છે અને વિધાનસભાનો ભંગ કરાયો છે. હવે બિહારમાં નવા મંત્રીમંડળની રચના થશે, જે ૨૦ નવેમ્બરે બિહારના ગાંધી મેદાનમાં શપથ લેશે. આ મુદ્દે NDAનો મેરેથોન બેઠકોનો દોર ચાલુ છે અને મંત્રીમંડળની વહેંચણીની ચર્ચા ચાલી રહી છે.

ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં સમ્રાટ ચૌધરીને પક્ષના ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા છે, તો વિજય સિંહાની નાયબ નેતા તરીકે પસંદગી કરાઈ છે. હવે બિહારમાં ફરી બંને ભાજપ નેતા નાયબ મુખ્યમંત્રી તરીકેની ભૂમિકામાં હશે.

આ સાથે જ નીતિશ કુમાર બિહારના સૌથી લાંબો સમય સુધી રહેનારા મુખ્યમંત્રી બની જશે. આ વખતે ૧૦મી વખત તેમનો કાર્યકાળ શરૂ થઈ રહ્યો છે. બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠક પરની ચૂંટણીમાં જેડીયુએ ૮૫ બેઠક પર જીત હાંસલ કરી હતી. એનડીએની કુલ ૨૦૨ બેઠક પર જીત થઈ છે, જે બહુમતી માટે પૂરતી છે.

ધારાસભ્ય દળની બેઠકમાં ભાજપના નેતા તરીકે સમ્રાટ ચૌધરી, તો નાયબ નેતા તરીકે વિજય સિંહાની પસંદગી કરાઈ છે. સમ્રાટ ચૌધરી ભાજપ માટે ઓબીસી વર્ગનો મજબૂત ચહેરો છે. તેઓ તારાપુરમાંથી ત્રણ વાર ચૂંટાયેલા ધારાસભ્ય છે. સમ્રાટ ચૌધરીનો પરિવાર બિહારના રાજકારણમાં મજબૂત પ્રભાવ ધરાવે છે. તેમના પિતા શકુનિ ચૌધરી પણ તારાપુરથી સાત વાર ચૂંટાયા હતા અને માતા પાર્વતી દેવી પણ એકવાર વિધાનસભામાં ચૂંટાયા હતાં.

સમ્રાટ ચૌધરીએ વર્ષ ૨૦૦૦માં આરજેડીમાં જોડાઈને રાજકારણમાં સત્તાવાર પ્રવેશ કર્યો હતો. ત્યાર પછી ૨૦૧૪માં તેઓ જેડીયુમાં જોડાઈને મંત્રી બન્યા. ૨૦૧૭માં તેઓ ભાજપમાં જોડાયા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ થયા.

વિજય કુમાર સિંહા બિહાર ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ લખીસરાય મત વિસ્તારમાંથી ચોથી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. પહેલીવાર તેઓ ૨૦૦૫માં ચૂંટણી જીત્યા હતા. એ જ વર્ષે તેઓ એક ચૂંટણીમાં હાર્યા હતા, પરંતુ ૨૦૧૦ પછી તેઓ સતત આ બેઠક પરથી જીત્યા છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૦ સુધી તેઓ શ્રમ મંત્રી રહ્યા હત, તો ૨૦૨૦થી ૨૦૨૨ સુધી તેમણે બિહાર વિધાનસભાના સ્પીકર તરીકે ફરજ બજાવી હતી. ૨૦૨૨૨થી ૨૦૨૪ સુધી તેઓ વિપક્ષના નેતા અને ૨૦૨૪માં નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા હતા. બિહાર સરકારમાં તેઓ પોલીસ, પ્રવાસન, વીજળી અને સિંચાઈ જેવા મહત્ત્વના વિભાગોના મંત્રી રહી ચૂક્યા છે.

# સાઉદી સાથે F35 ફાઈટર જેટ ડીલ થતાં જ અમેરિકા પર ભડક્યું ઈઝરાયલ



રિયાદ,

અમેરિકાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) વચ્ચે થયેલી મુલાકાતે ઈઝરાયલમાં ઊંઘ ઉડાડી દીધી છે. ઈઝરાયલની ચિંતા વાજબી પણ છે કારણ કે ટ્રમ્પે MBS સાથેની મુલાકાત દરમિયાન સાઉદી અરેબિયાને પોતાનું એડવાન્સ ફાઈટર જેટ આપવાનું એલાન કરી દીધું છે. ટ્રમ્પ સાઉદી અરેબિયાને F-35 ફાઈટર જેટ આપી રહ્યા છે, જેનાથી ઈઝરાયલ મોટો ઝટકો લાગ્યો છે. ઈઝરાયલે અમેરિકાના આ પગલા સામે વાંધો ઉઠાવ્યો છે.


ઈઝરાયલની સેના IDF (Israel Defense Forces)નું કહેવું છે કે અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે થયેલી ફાઈટર જેટ ડીલથી ઈઝરાયલના હવાઈ લીડને નુકસાન પહોંચી શકે છે. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ઈઝરાયલી વાયુસેનાએ બેન્જામિન નેતન્યાહૂની સરકારને સોંપેલા એક ઔપચારિક પોઝિશન પેપરમાં ફાઈટર જેટ ડીલ પર વાંધો ઉઠાવ્યો છે.ટ્રમ્પ અને સાઉદી ક્રાઉન પ્રિન્સ વચ્ચે સ્ટીલ્થ ફાઈટર જેટ માટે ડીલ થઈ ગઈ છે. આ ડીલ પછી પણ સાઉદી અરેબિયાને પ્રથમ જેટની ડિલીવરીમાં ઓછામાં ઓછા સાત વર્ષ લાગવાની શક્યતા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાઉદી અરેબિયાએ અમેરિકા પાસેથી લગભગ ૪૮ ફાઈટર જેટની માગ કરી છે.

IDF ડોક્યૂમેન્ટ પ્રમાણે ઈઝરાયલી સાનાએ F-35ના વેચાણ સામે વાંધો ઉઠાવ્યો છે અને આ જ તેનું ઓફિશિયલ સ્ટેન્ડ છે. ડોક્યૂમેન્ટ કહેવામાં આવ્યું છે કે, જો મિડલ-ઈસ્ટના અન્ય દેશોને આ એડવાન્સ સ્ટીલ્થ જેટ મળશે તો ઈઝરાયલની હવાઈ લીડ નબળી પડી શકે છે. ઈઝરાયલ પહેલાથી જ આ વાત કહેતું આવ્યું છે. ઈઝરાયલ મિડલ-ઈસ્ટમાં પોતાની ક્વોલિટી બેસ્ડ સૈન્ય વર્ચસ્વ જાળવી રાખવા માટે સૌથી એડવાન્સ જેટ પોતાની પાસે રાખવા માગે છે. તેના માટે તેણે અમેરિકા સાથે ડીલ પણ કરી છે. અગાઉ જ્યારે તૂર્કીયે અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સહિતના અન્ય પડોશી દેશોએ ફ્ર-૩૫ ખરીદવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે ઈઝરાયલે અમેરિકા પર દબાણ કરીને આ ડીલ અટકાવી દીધી હતી.

એક અહેવાલ પ્રમાણે અમેરિકાના ગુપ્તચર અને સંરક્ષણ અધિકારીઓ પણ આ ડીલથી ચિંતિત છે. તેમનું માનવું છે કે, સાઉદી અરેબિયાને F-35 ફાઈટર જેટ વેચવાથી મિડલ-ઈસ્ટમાંમાં ઈઝરાયલના સૈન્ય વર્ચસ્વને નુકસાન થઈ શકે છે. બીજી તરફ અમેરિકન ગુપ્તચર અધિકારીઓને એ પણ આશંકા છે કે F-35ની સંવેદનશીલ ટેકનોલોજી ચીન સુધી પહોંચી શકે છે, અને આ પગલાથી મિડલ-ઈસ્ટમાં શક્તિ સંતુલન પણ ખોરવાઈ શકે છે.

દુશ્મનોની દેખરેખથી બચાવનારી એડવાન્સ સ્ટીલ્થ ટેકનોલોજીથી બનેલ F-35ને વિશ્વનું સૌથી એડવાન્સ ફાઈટર જેટ માનવામાં આવે છે.

ઈઝરાયલ લગભગ એક દાયકાથી આ વિમાનને ઓપરેટ કરી રહ્યું છે અને તેના ઘણા સ્ક્વોડ્રન સ્થાપિત કરી ચૂક્યું છે. ઈઝરાયલ મિડલ-ઈસ્ટનો એકમાત્ર દેશ છે જેની પાસે આ જેટ છે. ઈઝરાયલી વાયુસેના પાસે વર્તમાનમાં આવા ૪૫ જેટ છે અને ૩૦ વધુ જેટનો ઓર્ડર આપવામાં આવ્યો છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 340**

વિષય:"પિતાનો છાયો...પડછાયો"
શિર્ષક: "છાયો"
પ્રકાર: અછાંદસ કાવ્ય
શબ્દો: ૯૧

?પિતાનો છાયો...

?કોઈ વિશાળ વડલો નહીં,
પણ માથે ધગધગતા ઉનાળામાં
શબ્દોની શીતળતા આપે.
એક દીવાલ, જે તૂટે નહીં,
ભલે સામે આવે કોઈ પણ વાવાઝોડું,
એના કઠોર મૌનમાં પણ
સલામતીનો સૂર વાગે.

?ને પિતાનો પડછાયો...

?અંધારામાં ખોવાઈ જતો નથી,
એ તો સૂર્યની સામે ઊભા રહેવાની
હિંમતનું માપ છે.
ક્યારેક લાંબો, ક્યારેક ટૂંકો,
પણ હંમેશાં મારી પાછળ રહે છે.
જાણે અદ્રશ્ય દોર,
જે મને સીધો ચાલવાનું શીખવે.

?એની વૃદ્ધ થતી આંગળીઓ,
એના ઘસાઈ ગયેલા પગરખાં...
આજે મારા પડછાયામાં
એ છાયાનું પ્રતિબિંબ જોઉં છું.
મારા જ પગલાં એના પગલાં જેવા લાગે છે,
પણ એ રસ્તો...એણે પહેલો કંડાર્યો હતો.
?આ પડછાયો, એનો નહીં, મારું અસ્તિત્વ છે.
એના છાયાની સ્મૃતિમાં સદા "સ્વયમ’ભુ’"જીવતો છું.

અશ્વિન રાઠોડ "સ્વયમ’ભુ’"
વનાળીયા (હાલ – મોરબી)

★★★★★★★

**NOGSS NO-403**

નામ-પન્ના પાઠક (વડોદરા)
વિષય-પિતાનો છાયો-પડછાયો
શિર્ષક-મારા વ્હાલા પપ્પા
પ્રકાર-ગધ શબ્દો-૩૩૭

પપ્પા કોને વહાલા નહોય! છતાં મને લાગે છે કે મને મારા પપ્પા વિશેષ વહાલા હતાં.મારા પપ્પા ડોકટર હતાં.ખુબજ આનંદી અને મળતાવડા સ્વભાવવાળા હતા.તેને લીધે તેનુ મિત્ર વર્તુળ ઘણુ મોટુ હતુ.

હું ૨ વર્ષની હતી.મારા મમ્મીનુ અવસાન થયુ.અમે પાંચ ભાઈ બહેન હતા તેથી અમને સાચવવા માટે બીજા લગ્ન કર્યા.બીજા મમ્મીને ૨,દીકરીઓ થઈ. પરંતુ પપ્પાનું સંતુલિત એવુ હતુ કે અમે સાતેય ભાઇ-બહેનો અને મમ્મી સાથેનો પ્રેમ અતુટ રહ્યો છે.

હ્ નાની હતી ત્યારે કાયમ મને લાકડાની ઢીંગલી કે પોપટ કે હોલો અપાવતા.મેં બહુ બધા ભેગા કરેલા.
મહુવા-મારૂ પિયર નાનુ ગામ હતુ. એક જ
થિએટર હતું.એટલે ભાવનગર બાપુગાડી માં શનિવારે બાપુગાડીમાં જઈએ. સવારે નવ વાગે ટ્રેનમાં બેસીએ અને સાંજે પાંચ વાગે પહોંચીએ.
સીધા રૂમમાં મૂવી જોઈ રાતે હેવમોરમાં જમીને ટેક્સી કરીને મહુવા ભેગા થઈ જતા.
એ અમારો સુવર્ણકાળ હતો.

તેમની છ એ દીકરી ઓ માટે એકજ ઈચ્છા હતી કે મારી બધી દીકરીઓ પગભર થાય.મોટીબેન અને ભાઈ ડોકટર થયા.ત્રણ બહેનો શિક્ષણ ક્ષેત્રે આગળ વધી.હું મારા પતિના બિઝનેસ માં જોડાઈ.

૧૯૭૪માં ગુજરાતનાં મેડીકલ એસોસિએશન ના પ્રમુખ બનેલા.એ અમારા માટે ઘણીજ ગૌરવની વાત હતી.રેડક્રોસ સોસાયટીમાં પણ તેમનુ યોગદાન વિશેષ રહ્યુ છે.લાયન્સ ક્લબમાં પણ પ્રમુખ પદ શોભાવેલુ.આમ, સોશિયલ એક્ટીવીટીમાં અગ્રેસર રહેતા.

તેને જીવન જીવવાનો મતલબ એ હતો કે દરેક ક્ષણ જીવી લેવી. ચોમાસામાં વરસાદ ચાલુ થાય એટલે તે તેમની સાયકલ લઈ ને તેમના મિત્રો સાથે વરસાદ માં બગીચામાં પલાળવા નીકળી પડે.બગીચાની સામે કોર્ટ હતી.ત્યા રીસેસમાં બધા વકીલો તેમને વરસાદ માં પલળતા અને આનંદ કરતા જોવે એટલે તેમને મીઠી ઈર્ષ્યા થાય.તેમનુ ઉપનામ રાખ્યુ,"એવરગ્રીન યંગમેન" .

પપ્પા ના પાત્રોની કાગડોળે રાહ જોતી.એ દરમિયાન સોમવારે બધી દીકરીઓ ને પત્ર લખતા.

પપ્પા જ્યારે મારા ઘરે આવવાના હોય ત્યારે હું કાગડોળે તેમની રાહ જોતી.અને જ્યારે આવે ત્યારે એવો આનંદ થતો કે જેમ સાવનમાં મોર સોળે કળા એ નૃત્ય કરે તેમ મારા પગ થનગની ઉઠતા.તેનો વહાલભર્યો હાથ પીઠ પર પસરાવે ત્યારે અસીમ સમાધિ લાગી જતી

મારી દરેક મુશ્કેલીને તે ચપટીમાં હલ કરી દેતા.તેમના અવસાન પછી મારા જીવનમાં સુનકાર વ્યાપી ગયો છે.

"પ્રિય પપ્પા હવેતો તમારા વગર
મનને ગમતુ નથી ગામ ફળીયુ કે ઘર."

પન્ના પાઠક

★★★★★★★

***NOG SS NO.:0101***

વિષય : પિતાનો છાંયો- પડછાયો
શીર્ષક :પિતાનો અમર છાંયો
પ્રકાર : ભજન શબ્દો: ૧૬૩

?મેરુ તો ડગે પણ જેનું મન ના ડગે,
એ જ વીરલા જગમાં સાચા કહેવાય,
એવા અડગ મનના આધાર છે પિતા,
જેને છાંયે જીવનમાં કાયમ રહેવાય!
મેરુ તો ડગે પણ જેનું મન ના ડગે...
?
??જગના સઘળા સંકટ આવે, દુનિયા માર્ગેથી ડગાવે,
પણ પિતાનો હાથ શિરે જ્યાં, ડગલું પાછું ન ભરાવે.
એની ધીરજ ને ટેક છે પર્વત જેવી,
એના પડછાયામાં અમૃતના કૂવા સમાય.
મેરુ તો ડગે પણ જેનું મન ના ડગે...
?
?બાળકના સઘળા દુ:ખને હરવા, તનનો તાપ પોતે સહે,
પોતાના અરમાન દબાવી, સંતાન કાજ જીવતો રહે.
નિસ્વાર્થ પ્રેમનું એ વહેતું ઝરણું,
જેનો ત્યાગ આભને પણ આંબી જાય.
મેરુ તો ડગે પણ જેનું મન ના ડગે...
?
??ધન દોલત ને સત્તા મળશે, પણ પિતાનું સ્થાન અનોખું,
ઈશ્વરની મૂર્તિ સમો માનવ, એના જેવું નહિ બીજું ખોખું.
જ્યાં સુધી માથે પિતાનો હાથ છે,
ત્યાં સુધી કોઈનો ડર કદી ન થાય.
મેરુ તો ડગે પણ જેનું મન ના ડગે...

ભરત સાંગાણી (અમદાવાદ)

?★★★★★★★

**NOG SS NO.:384**

વિષય : પિતાનો છાંયો- પડછાયો
શીર્ષક :ચંદન તિલક પિતા.
પ્રકાર :પદ્ય ,શબ્દો: ૧૦૫

દરેકના સપનાને હૃદયમાં ધબકતા રાખે.
માર્ગદર્શન અને પ્રેરણા આપતો શિક્ષક એટલે પિતા.
મન વિશાળ ગગન જેવું અને દરિયા જેવું દિલ.
દરેકની અપેક્ષાઓ હંમેશા ખિસ્સામાં રાખી ફરે પિતા.
ઘરનો મજબૂત પાયો બની એક એક ઈંટ નું ચણતર કરે.
દરેક ના જીવનનું ઘડતર કરતો ઘડવૈયો એટલે પિતા.
તકલીફો ગમે તેટલી પડે છતાંયે હસતો હોઠ રાખે.
દરેકનો પડછાયો બની પડદા પાછળ જોયા કરે પિતા.
ગાલ ઉપરથી નીતરતું પરસેવાનું ટીપું હીરાની જેમ સાચવી રાખે.
સંતાનો માટે આખી જીંદગી ઘસી નાખે તેવું ચંદન તિલક પિતા.
સૂકો રોટલો અને મરચું વાટીને લુખ્ખું ખાઈ લે પોતે.
જો સંતાન જીદ કરે તો! ફાઈવ સ્ટાર હોટલના જમણ કરાવે એ પિતા.

ડો સતિષ એસ.પટેલ "પ્રકૃતિ રક્ષક"(અમદાવાદ)

★★★★★★★

**NOGSS NO: 188**

વિષય :પિતાનો છાંયો /પડછાયો
શીર્ષક : " માતાપિતાના ચરણોમાં સ્વર્ગ "
પ્રકાર : પદ્ય- શબ્દો :૬૮

પળભરમાં દૂર થઈ જાય એનો ઓછાયો.
જેમના ઉપર હોય છે પિતાશ્રીનો પડછાયો.

વેચી ખુદનાં સુખચેન, આરામ ને તંદુરસ્તી,
પરિવાર માટે એક બાપ, ખુશી ખરીદી લાયો.

મા છે ઘરની ચાર દીવાલ, છત ને ઓસરી,
પરંતુ, બાપ તો છે એ ઘરનો મજબૂત પાયો.

મા વિના સંતાનોનો હશે સૂનો સંસાર, પરંતુ!
જિંદગી લૂટાઈ જાય જો છૂટે બાપનો છાંયો.

માતાપિતાના ચરણોમાં જ સ્વર્ગ છે "વ્યોમ"
સુધરી જાય જિંદગી જો સમજે હર જાયો.

વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર

★★★★★★★

**NOG Ss No.343**

વિષય:- પિતાનો છાયો પડછાયો
શીર્ષક: શ્રેષ્ઠ પાત્ર પિતા
પ્રકાર:- પધ શબ્દો:- ૮૦

સબંધનાં બંધનમાં પિતા કરે પુત્ર સાથે પ્રેમ લાગણી બંધન મર્યાદાનું અતુટ ચણતર,
માતાપિતા પુત્ર માટે ઉછેર સાથે શિક્ષિત સંસ્કાર આપી અપાવી શીખવે સાચું ભણતર.
જીવનમાં સંકટ કષ્ટ વિપત્તિ સમયે ઢાલ બની પિતા રક્ષકરૂપે સંતાનોનાં દૂર કરે સર્વ નડતર,
સંતાનોના અરમાન પૂરા કરવાં પિતા રાતદિન દોડી કુરબાન કરે બચેલ શેષ જીવન પડતર,
પિતા છેલ્લા શ્વાસ સુધી સંઘર્ષ કરી અલવિદા થયાં બાદ પરિવારજનોની સ્મૃતિમાં રહે જીવનભર ,
’ચંદ્ર’ની જેમ શીતળ છાયાથી પડછાયો બની પિતાનું પાત્ર પરિવારજનો સંતાનોનાં જીવનનું કરે શ્રેષ્ઠ ઘડતર.

ચંદ્રકાન્ત હરીલાલ માઢક ’ચંદ્ર ’
(રાજકોટ)

# તો તો મહાભારત સર્જાયું ન હોત!!!

ગિરધરભાઇ. હર્બોલાઇટ શું છે?’’ રાજુએ મને સવાલ પૂછ્યો.

“ સપ્લીમેન્ટ પાવડર છે’’ મેં રાજુને જવાબ આપ્યો.

“ ગિરધરભાઇ. જગતમાં એવો કયો ધંધો છે તેમાં ક્યારેય મંદી બંદી ન આવે?’’ રાજુએ મને પૂછયું.

“ માખી કે મચ્છર મારવાના ધંધામાં ક્યારેય મંદી ન આવે!!’’ મેં સનાતન સત્ય ઉચ્ચાર્યું.

“ ગિરધરભાઇ . નો પુઅર પીસી!! સિરિયસલી કહો, પ્લીલીલીલીઈઝ’’

“ રાજુ જાડા કે પાતળા થવાના બિઝનેસમાં કાયમ તેજી રહે છે. મંદી તો નજીક પણ ફરકી શકે નહીં.’’મેં રાજુને યુનિવર્સલ ટ્રુથ ગણાવ્યું!

“જાડા અને પાતળા એકમેકના મિત્ર ન હોઇ શકે. જાડીયો કાયમ સળેકડી જેવા તાબુત જેવા પાતળા પરમારની ઉના ઉના ટાઢા ટાઢા નિસાસા મુકે છે. જ્યારે મલોખા જેવા પાતળો જાડા થવા માટે સામ,દામ,દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી જાડા થવાની કોશિશ કરે છે!!રાજુએ જાડા-પાતળા માણસોની મનોસ્થિતિનું વર્ણન કર્યું!!

“રાજુ. ફિલ્મના હીરો હીરોઇન રોલ મેળવવા માટે વજન વધારે કે ઘટાડતા હોય છે. સાલું એ સમજાતું નથી કે કરીનાકપૂર જેવી જાડીપાડીને કેવી રીતે જીરો ફિગર કહી શકાય? આલિયા ભટને જીરો ફિગર કહેવાય !! હીરો હીરોઇન ફિગર જાળવવા જીમનો સહારો લે છે. પુષ્કળ વર્કઆઉટ ( બહાર કામ નહીં !! કસરત કરવાનો મોડર્ન શબ્દ છે, ડ્યુડ!!)સિકસપેક બોડી કરવા લીટરરી પરસેવાના ગેલનો વહેડાવે છે. મોડેલીંગની દુનિયામાં શરીર-ફિગર સર્વસ્વ છે. સ્થૂળા ( સમજ ન પડી?સ્થૂળનું નારી વાચક છે.)ભૂખને મારવા ચા-કોફી પીધે રાખે છે,સિગારેટો ફૂંકે રાખે છે.ખોરાક ન લેવાના કારણે ચામડી લબડી જાય છે, ગાલ બેસી જાય છે, કમળા થયો હોય તેમ શરીર બટાકાવર્ણુ થઇ જાય છે!! છતાં ફરજિયાત ઉપવાસ ચાલું રાખે છે!!’’મેં ગ્લેમર વર્લ્ડની બ્લેક સાઇડ રજૂ કરી.

“ગિરધરભાઇ.આ કેવું ડીડક ? જાડા થવા હર્બોલાઇટનો પાવડરનું સેવન કરવાનું. પાતળા થવા પણ હર્બોલાઇટ પાવડરનું સેવન કરવાનું? કંપની એજન્ટને ચાલીસ ટકા જેટલું તગડું કમિશન આપે એટલે કમિશનની લ્હાયમાં એજન્ટ સગા વહાલાં, મિત્રો, પરિચિતોને ગ્લુકોઝ પાવડરની જેમ હર્બોલાઇટ પાવડર ફટકારે રાખે!!’’રાજુએ મેડીકલ સ્કેમ જાહેર કર્યું.

“રાજુ .પતંગ જેવો પાતળો ભક્ષક રોગોની માફક બધું આરોગે છતાં તસુભાર કે ગ્રામ વજન ન વધે!! સુલતાન મોહમ્મદ બેગડાની જેમ મોંની ઘંટીમાં કાજુ, બદામ, અખરોટ, પિસ્તા , કિસમિસ, મગજ, મેસુબ, મોહનથાળ, કાજુકતરી, અંજીર રોલ, મોતીચૂર,બરફી (મોંમાં પાણી આવવા મંડયુંને? તમારું વજન પાંચ મિલિગ્રામ વધી ગયું. મારા વાત ખોટી લાગે તો જાવ વજનકાંટે માપી લો!)ગાંઠીયા, જલેબી, ગોટા ઓરે તો પણ વજન વધે નહીં . પાછો ચિંતાળવો પણ ન હોય!!’’ મેં પાતળાની જાડી સમસ્યા કહી!!

“ ગિરધરભાઇ. જાડા કે જાડીનું પણ એવું છે. રોટલીની જગ્યાએ એકાદ ખાખરો ખાય, સલાડ ખાય, બાફેલા શાકભાજી ખાય, ભૂખ્યા રહે. અપિતું, જાડા જણને ચૈત્ર ચડે નહીં ને વૈશાખ ઉતરે!!રોજ દસ-બાર કીલોમીટર ચાલે કે દોડે પણ કોઇ ફરક પડે નહીં. વજન ઉતારવાનાં બેલ્ટ ઓનલાઇન મંગાવે ,વજન ઉતારવાનો બદલે,બેલ્ટ લુઝ થવાના બદલે કંદોરા જેટલો ટાઇટમટાઇટ થાય. અરે, માત્ર શ્વાસ લે તો પણ વજન વધે તો બાપડો જાડિયોજણ શું કરે??’’રાજુએ જાડિયા પુરાણ વર્ણવ્યું!!

“ રાજુ હીરો કે હીરોઇન રોલ મેળવવા માટે કે વેફરથીન મોડેલો મોડેલીંગ એસાઇન મળે તે માટે, મનગમતો ભરથાર કે ભાર્યા મેળવવા માટે જરૂરિયાતનુસાર જાડાપાતળા થવા પાપડ વણે તે સમજાય. એક ચોર મહાશયે ચોરી કરવા કે ચોરી કરી બારામાંથી ગળકવાના શુભાશયથી એક, બે નહીં પણ પૂરા સાત કીલો વજન કોઇ પણ કલિનિકની મદદ વિના ઉતારીને સમગ્ર ચૌર્ય સમાજ માટે અનુકરણીય, અનુસરણીય,અભૂતપૂર્વ, અશ્રુતપૂર્વ ,કલ્પનાતીત ઉદાહરણ પૂરું પાડ્યું છે!! “ મેં રાજુને સમાચાર સારાંશ કહ્યો!! “ ગિરધરભાઇ. દ્રૌપદીએ કે સીતામાતાએ સ્વયંવરમાં લક્ષ્યવેધ કે ધનુષ ઉપાડવાના બદલે લગ્નોત્સુક મૂરતિયો પાંચ કીલો વજન ઉતારે તેને વરીશ એવી શરત કરી હોત તો મહાભારત કે રાવણ વધ કરવાની જરૂરત ઉપસ્થિત થઇ ન હોત!!!!’’ રાજુએ મારા કાનમાં શક્યતાનો બોમ્બ ફોડ્યો.

“ હેંહેંહેં!! શું ??’’ મારો હેબતાઈ ગયેલો પ્રતિભાવ.

ભરત વૈષ્ણવ

## સુરત : મહિલાઓ માટે ખાસ પિંક બસની શરૂઆત,ગુજરાતમાં પહેલીવાર મહિલા ડ્રાઈવર સંભાળશે બસનું સ્ટીયરિંગ

સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરમાં મહિલા ઉત્થાન અને સ્વરોજગાર માટે આગળ વધે તે ઉદ્દેશ્યથી થોડા સમય પૂર્વે જ પિંક ઓટોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.અને હવે ફક્ત મહિલાઓ માટે પિંક બસનો પ્રારંભ કરવામાં આવ્યો છે,ગુજરાતમાં પહેલીવાર બસનું સ્ટિયરિંગ મહિલા ડ્રાઈવર સંભાળશે. સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા રોજગારીને ધ્યાનમાં રાખીને એક વર્ષ પૂર્વે પિંક ઓટોની શરૂઆત કરવામાં આવી હતી.એક વર્ષ પૂર્વે શરૂ કરવામાં આવેલ આ ઈ-



ઓટો પ્રોજેક્ટમાં ૪૭ મહિલાઓને રોજગારી મળી હતી. બીજી તરફ શહેરમાં દોડતી બીઆરટીએસ બસમાં પણ ફક્ત મહિલાઓ મુસાફરી કરી શકે તે ઉદ્દેશ્યથી પિંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે, ૨૦ મહિનાની શોધખોળને અંતે મહિલા ચાલક મળતાં હવે ગુજરાતની પહેલી સુરતમાં ફક્ત મહિલા મુસાફરો માટે દોડનારી પિંક બસમાં ડ્રાઈવર પણ મહિલા જ હશે.શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશન પર સુરત મહાનગરપાલિકા દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને પ્રદુષણ અટકાવવા માટે શહેરનાં તમામ બીઆરટીએસ રૂટ પર ઇ-બસો દોડાવવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે હવે શહેરની મહિલાઓ-યુવતીઓ માટે પણ મહાનગરપાલિકા દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.૨૦ મહિના પૂર્વે પાલિકાનાં તંત્ર દ્વારા શહેરમાં પિંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.જેમાં મહિલા ચાલકની સાથે-સાથે મહિલા કંડકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ બસમાં માત્ર મહિલાઓ જ મુસાફરી કરી શકશે. પહેલો રૂટ ઓએનજીસી થી સરથાણા સુધીનો રહેશે.ઈન્દોરની યુવતી નિશા શર્મા સુરત અને ગુજરાતની પહેલી મહિલાઓ માટે અને મહિલા દ્વારા ચલાવવામાં આવતી પિંક બસની ડ્રાઇવર બની છે. નિશા શર્માએ જણાવ્યું હતું કે, મને પહેલો મોકો મહિલાઓ માટે બસ ચલાવવાનો મોકો ઈન્દોરમાં મળ્યો હતો. એક મહિનાની ટ્રેનિંગ બાદ મેં બસ ચલાવવાનું શરૂ કર્યું હતું. મને બસ ચલાવવાનો ચાર વર્ષનો અનુભવ છે અને હવે ગુજરાત અને સુરતમાં બસ ચલાવવાનો પહેલો મોકો મને આપ્યો છે.

### પ્રાથમિક શિક્ષક સંઘે મુખ્ય ચૂંટણી કમિશનર સમક્ષ ચિંતા

## પ્રાથમિક શિક્ષકોને બીએલઓ તરીકે નિયુક્ત કરવાથી શિક્ષણ પર ગંભીર અસર



અમદાવાદ,

નગર પ્રાથમિક શિક્ષક સંઘ, પ્રાથમિક શાળાના શિક્ષકોના એક માન્ય સંઘે, ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખીને બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) તરીકે પ્રાથમિક શિક્ષકોની સતત અને ફરજિયાત નિમણૂક અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી છે. સંઘે ભારપૂર્વક જણાવ્યું છે કે આ પ્રથા શિક્ષણના અધિકાર કાયદાની કલમ તેમજ ભારતીય બંધારણની કલમ હેઠળ બાળકોના મૂળભૂત શિક્ષણના અધિકારનું ઉલ્લંઘન કરે છે.

શિક્ષણ પર થઈ રહેલી મુખ્ય અસરો અંગે સંઘના અધ્યક્ષ, ચંદ્રકાંત ખાખરીયાએ જણાવ્યું છે કે, શિક્ષકો રાષ્ટ્ર નિર્માણનું કાર્ય કરી રહ્યા છે, પરંતુ બીએલઓની ફરજોને કારણે તેઓ તેમના મુખ્ય કાર્ય, શિક્ષણ, પર ધ્યાન આપી શકતા નથી. વર્તમાન સઘન પુનરાવર્તન પ્રોજેક્ટ દરમિયાન શિક્ષકો ૧૨ થી ૧૫ કલાક કામ કરી રહ્યા છે. અને આ વધારાનો બોજ અસહ્ય છે.

સંઘ દ્વારા પ્રસ્તુત કરાયેલ મુખ્ય મુદ્દાઓમાં વર્ગખંડમાં વિક્ષેપ, જેમાં મતદાર યાદી ચકાસણી અને સર્વેક્ષણ માટે શિક્ષકોને શાળાના સમય દરમિયાન વારંવાર ગેર હાજર રહેવું પડે છે, જેનાથી વિદ્યાર્થીઓના શિક્ષણમાં સીધો અવરોધ થાય છે. કાર્ય-જીવન સંતુલનનો અભાવ, બીએલઓની જવાબદારીઓ નિયમિત શાળા સમય પછી પણ લંબાય છે, જેના કારણે શિક્ષકોમાં શારીરિક થાક અને માનસિક તાણ વધે છે. સલામતીના પ્રશ્નો જોઈએ તો ખાસ કરીને મહિલા શિક્ષકો માટે, અજાણ્યા અને દૂરના વિસ્તારોમાં ફરજ બજાવવાને કારણે સલામતી અને પરિવહનની ચિંતાઓ ઊભી થાય છે.

કાયદાકીય વિરોધાભાસ અને પૂર્વ નિર્ણયો અંગે સંઘે નોંધ્યું કે ગુજરાતના સીઈઓ દ્વારા ઓછામાં ઓછા શિક્ષકોની નિમણૂક માટે પત્ર જારી કરવામાં આવ્યો હોવા છતાં, ૧૨ અન્ય કેડરની ઉપલબ્ધતા હોવા છતાં, મોટા ભાગની નિમણૂક શિક્ષકોની જ છે.

સુપ્રીમ કોર્ટનો ચુકાદો તે. અંગે સંઘે જણાવ્યું છે કે સંઘે ૨૦૦૭ ના સિવિલ અરજી સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલા ચુકાદાનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાને બીએલઓમાં ફરજમાં શિક્ષકોની ઓછામાં ઓછી નિમણૂક કરવા સૂચન કરવામાં આવ્યું હતું. કાયમી સૂચનાનો ભંગ તેમાં ત્રણ વર્ષ સુધી બીએલઓ તરીકે સતત સેવા આપ્યા પછી શિક્ષકોને મુક્ત કરવાની સ્થાયી સૂચના હોવા છતાં, ઘણા શિક્ષકોને ફરજ બજાવવાની ફરજ પાડવામાં આવી રહી છે.

સંઘ દ્વારા ચૂંટણી પંચને કરાયેલા સૂચનોમાં શિક્ષણના ગુણવત્તા સાથે સમાધાન કર્યા વિના ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સંઘે કેટલાક સુધારાત્મક પગલાં સૂચવ્યા છે. જેમાં સમર્પિત બીએલઓ સ્ટાફ, શાળાના શિક્ષકોને બદલે ફક્ત ચૂંટણી કાર્ય માટે પૂર્ણ-સમય અથવા કરાર આધારિત બીએલઓ કર્મચારીઓની નિમણૂક કરવી. અન્ય વિભાગોનો ઉપયોગ કરવો જેમાં અન્ય સરકારી વિભાગો, નિવૃત્ત કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો અથવા તાલીમ પામેલા બેરોજગાર યુવાનોનો ઉપયોગ કરવો. ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ભૌતિક સર્વેક્ષણોની જરૂરિયાત ઘટાડવા માટે મતદાર ચકાસણીને ડિજિટલાઈઝ કરવા માટે એજન્સીઓની નિમણૂક કરવી.નગર પ્રાથમિક શિક્ષક સંઘે ભારતીય ચૂંટણી કમિશનરને આ મુદ્દાની ગંભીરતા સમજવા અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા વિનંતી કરી છે.

આ રજૂઆતથી ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર તેમજ રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાઝા અને રાજ્ય શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાને પણ માહિતગાર કરવામાં આવ્યા છે. તેવું ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘની યાદીમાં જણાવ્યું છે.

### મોટાભાગના વોટર કૂલર બંધ હાલતમા

## આંગણવાડીઓમાં મુકાયેલા વોટર કૂલરમાં કથિત કૌભાંડ

### ૪૩૮ આંગણવાડીમાં કૂલર મુક્યાનું પેપર પર બતાવ્યું



વડોદરા,

વડોદરાની આંગણવાડીઓમાં વોટર કૂલરમાં કથિત કૌભાંડ આચરાયું હોવાનો આરોપ લાગતા ખળભળાટ મચી ગયો છે. શહેરના એક સામાજીક કાર્યકરે આરોપ લગાવ્યો છે કે શહેરની આંગણવાડીઓમાં મુકાયેલા મોટાભાગના વોટર કૂલર બંધ હાલતમાં છે. સામાજીક કાર્યકરે કહ્યું છે કે તેમણે કરેલી આરટીઆઈમાં કથિત કૂલરના કૌભાંડનો ખુલાસો થયો છે.

વડોદરા કોર્પોરેશન સંચાલિક આંગણવાડીઓમાં કથિત કૂલરના કૌભાંડનો ખુલાસો થયો છે. આરોપ મુજબ ૪૩૮ આંગણવાડીમાં કૂલર મુક્યાનું પેપર પર બતાવ્યું છે પણ ૩૩૮ કૂલરના જ બિલ બતાવવામાં આવ્યા છે.

આરટીઆઇ કાર્યકર કમલેશ પરમારે આરોપ લગાવ્યો હતો કે ૨૦૨૪ના વર્ષમાં વડોદરાની આંગણવાડીઓ માટે ૨ કરોડથી વધુના ખર્ચે કૂલર ખરીદવામાં આવ્યા હતા પણ તેમણે કરેલી ઈંમાં કથિત કૂલરના કૌભાંડનો ખુલાસો થયો છે. ૪૩૮ આંગણવાડીમાં કુલર મુક્યાનું પેપર પર બતાવ્યું હતું પણ ૩૩૮ કુલરના જ બિલ બતાવવામાં આવ્યા છે. અને આંગણવાડીમાં મોટાભાગે વોટર કૂલર બંધ હાલતમાં છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે આંગણવાડીમાં છેલ્લા ૧ વર્ષથી કૂલર બંધ હાલતમાં જોવા મળ્યા છે અને ૧ વોટર કૂલરનો ભાવ પણ સરેરાશ ૬૦ હજાર છે અને આ કૂલર બજારભાવ કરતા ઊંચા ભાવે ખરીદ્યા છે.ફાયર વિભાગમાં સાધનોની ખરીદીમાં કથિત કૌંભાડ મામલે ડે અધિકારી ડો.દેવેશ પટેલ હાલ સસ્પેન્ડ થયેલા છે તે ડો. દેવેશ પટેલના કાર્યકાળમાં આ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ મામલે તત્કાલિન અધિકારી ડો.દેવેશ પટેલ સામે તપાસની માગ કરાઈ છે. આંગણવાડીમાં કામ કરતી બહેનોએ કહ્યું હતું કે આંગણવાડીમાં પાણીની ટાંકી જ નથી તો કૂલરમાં પાણી કેવી રીતે આવે અને પાણીની લાઈન પણ બંધ જ છે બાળકો ઘેરથી લાવે કાં તો બાજુમાંથી પાણી લાવવું પડે છે.

### ગુજરાતભરના નોકરી વાછૂકો જોડે લાખોની છેતરપિંડી!

## પોસ્ટ વિભાગમાં નોકરી અપાવવાના બહાને છેતરપિંડી

### બંને ઠગ દ્વારા ૨૦ થી વધુ લોકો પાસે રૂ.૪૪ લાખ પડાવી લઈ છેતરપિંડી કરવામાં આવી હતી : પોલીસ તપાસ

સુરત,

પોસ્ટ ઓફિસ વિભાગમાં ઉપરી અધિકારી સાથે સારું સેટિંગ છે કહી નકલી વેબસાઈટ મારફતે લોકો પાસેથી ઓનલાઈન ફોર્મ ભરાવી લાખો રૂપિયા ઉસેટી લેનાર ગેંગના મુખ્ય બે સાગરીતોને અથવા લાઈન્સ પોલીસે ઝડપી પાડ્યા છે આ બંને ઠગ દ્વારા ૨૦ થી વધુ લોકો પાસે રૂ.૪૪ લાખ પડાવી લઈ છેતરપિંડી કરવામાં આવી હતી.

પાલ ગામ જૈન દેરાસર નજીક લુહાર મહોલ્લામાં રહેતા નિર્ભય પ્રફુલ ગજ્જરનો નવેમ્બર ૨૦૨૪ માં માસા ધર્મેશ ગજરના




ઘરે માતાજીના મંદિરે દર્શન કરવા આવતા ભુપેન્દ્ર શર્મા સાથે પરિચય થયો હતો.

ભુપેન્દ્રએ પોસ્ટ વિભાગમાં મારી ઓળખાણ છે અને મારી ભલામણથી સારી નોકરી મળી જશે પરંતુ રૂ. ૫ લાખ આપવા પડશે. નિર્ભયને તું પસંદ કરે તે પોસ્ટ ઓફિસમાં નોકરી મળશે એવું કહેતા ભાટપોર પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તરની નોકરી માટે જરૂરી ડોક્યુમેન્ટ્સની સાથે ટુકડે-ટુકડે રૂ. ૩.૫૦ લાખ આપ્યા હતા.

પંદર દિવસમાં ઓર્ડર ભાટપોર પોસ્ટ ઓફિસમાંથી મેળવી લેવાનું કહ્યા બાદ ઓનલાઈન ટેસ્ટ બાકી છે એમ કહી એક લીંક મોકલાવી હતી. જેમાં લોગઈન કરવાનું પરંતુ ટેસ્ટ મારા ઓળખીતા સાહેબ આપશે બધુ સેટીંગ થઈ ગયું છે એમ કહેતા નિર્ભયે લીક ઓપન કરતા જુદા-જુદા મેસેજ આવતા હતા. જેની જાણ કરતા ભુપેન્દ્રએ ટેક્નિકલ ખામી છે એટલે ઓર્ડર અપલોડ થતા થી એમ કહ્યું હતું. જેથી દોડતા થયેલા નિર્ભયે તપાસ કરી તો જાણવા મળ્યું હતું કે ડાર્ક વેબસાઈટ ઉપર પોસ્ટ વિભાગના લોગોનો અનિધકૃત ઉપયોગ કરી વેબસાઈટ બનાવી છે.

જો કે ત્યાર બાદ પણ ભુપેન્દ્રએ વ્હોટ્સએપ ઉપર ફોર્મ મોકલાવી બાયોડેટા મંગાવ્યો હતો. પરંતુ ત્યાર બાદ તાલુક પંચાયતની ચૂંટણી ચાલે છે એટલે ઓર્ડર લેટ થશે એમ કહી વાયદા કરતા નિર્ભયે રૂપિયા પરત આપવાનું કહેતા રૂ. ૨૫ હજાર પરત આપ્યા હતા અને મારે નોકરી જોઈતી નથી એવું સાદા કાગળ ઉપર લખાણ કરાવ્યા બાદ તારા પૈસા બ્રિજેશભાઈને આપ્યા છે એમ કહી તેનો નંબર આપ્યો હતો. પરંતુ તે નંબર બંધ હતો અને નિર્ભયે બાકી રૂપિયાની ઉઘરાણી કરવાની સાથે તપાસ કરી તો મીત રાજેશ સોલંકીને પણ નોકરી અપાવના બહાને રૂ. ૭.૫૦ લાખ અને ધ્રુવ સોલંકી પાસેથી રૂ. ૬.૫૦ લાખ પડાવ્યા હતા. આમ આ બંને ઠગ બાજુ દ્વારા ૨૦ થી વધુ લોકો પાસેથી પોસ્ટ ઓફિસમાં સરકારી નોકરી અપાવવાના બહાને ૪૪ લાખની ઠગાઈ કરવામાં આવી હતી. જે બનાવવામાં અઠવા લાયન્સ પોલીસે ભુપેન્દ્ર અને બ્રિજેશ નામના બંને આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ટેસ્ટ આપવા માટે ભુપેન્દ્ર શર્માએ જે વેબસાઇટ મોકલાવી હતી તે અંગે નિર્ભય ગજ્જરે તપાસ કરી તો પોસ્ટ વિભાગના લોગોનો અનિધકૃત ઉપયોગ કરી ડાર્ક વેબ થકી વેબસાઈટ બનાવી હતી.

જ્યારે પોસ્ટ વિભાગના નામે જે મેસેજ કર્યા હતા તે નવસારીના ઉગત વિભાગ સહકારી મંડળી લિમીટેડના સર્વર અને આઈ.પી એડ્રેસનો ઉપયોગ કરીને મોકલવામાં આવ્યા હતા. હાલ તો આ બનાવમાં એક પછી એક ભોગ બનનાર અથવા લાઈન્સ પોલીસમાં ખાતે પહોંચી રહ્યા છે ત્યારે બીજી તરફ અથવા લાઈન પોલીસે સમગ્ર બનાવવામાં વધુ તપાસ કરી છે

## યુએસ હાઉસ અને સેનેટે એપ્સ્ટેઈન ફાઈલોને મુક્ત કરવાની ફરજ પાડવા માટે બિલ પસાર કર્યું; ટ્રમ્પની સંમતિ બાકી છે




વોશિંગટન,

મંગળવારે (સ્થાનિક સમય) યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ભારે બહુમતીથી સ્વર્ગસ્થ દોષિત જાતીય ગુનેગાર જેફરી એપસ્ટેઇન પર ન્યાય વિભાગની ફાઈલો જાહેર કરવા માટે મતદાન કર્યું, જે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન નેતૃત્વના વિરોધને દૂર કરવા માટે મહિનાઓ સુધી સંઘર્ષ કરી રહેલા પ્રયાસ માટે મંજૂરીનું એક નોંધપાત્ર પ્રદર્શન છે.

આ બિલ હાઉસમાં ૪૨૭-૧થી પસાર થયું, જેમાં એકમાત્ર લુઇસિયાના રિપબ્લિકન પ્રતિનિધિ ક્લે હિગિન્સનો કોઈ મત નહોતો, જે ટ્રમ્પના ઉત્સાહી સમર્થક છે. તેમણે એક નિવેદનમાં કહ્યું કે તેમણે બિલનો વિરોધ કર્યો કારણ કે તે ફેડરલ તપાસમાં ઉલ્લેખિત નિર્દોષ લોકોની માહિતી જાહેર કરી શકે છે.

સેનેટ સર્વાનુમતે એપસ્ટેઇન ફાઇલ્સ બિલ પસાર કરવા સંમત થાય છે

હાઉસ વોટ પછી તરત જ, સેનેટે એપસ્ટેઈન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટને પણ મંજૂરી આપી, કાયદાને ટ્રમ્પના ડેસ્ક પર તેમના હસ્તાક્ષર માટે મોકલ્યો. ફાઈલો પરના વિવાદે ટ્રમ્પના આંતરિક વર્તુળમાં એક દુર્લભ અને અસામાન્ય જાહેર મતભેદ ઉજાગર કર્યો હતો, જેના કારણે પ્રતિનિધિ માર્જોરી ટેલર ગ્રીન જેવા વફાદાર સમર્થકો પણ તેમની સાથે ખુલ્લા મતભેદમાં આવી ગયા હતા.

સેનેટની મંજૂરી સાથે, ચેમ્બરમાં આગળ કોઈ કાર્યવાહીની જરૂર નથી. આ બિલ હવે કાયદો બનવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના હસ્તાક્ષર માટે સીધું મોકલવામાં આવશે.

આ બિલ એપ્સ્ટિન સંબંધિત બધી ફાઈલો અને સંદેશાવ્યવહાર, તેમજ ફેડરલ જેલમાં તેમના મૃત્યુની તપાસ વિશેની કોઈપણ માહિતી ૩૦ દિવસની અંદર મુક્ત કરવાની ફરજ પાડે છે. તે ન્યાય વિભાગને એપ્સ્ટિનના પીડિતો અથવા ફેડરલ તપાસ ચાલુ રાખવા વિશેની માહિતીને સંપાદિત કરવાની મંજૂરી આપશે, પરંતુ ×શરમ, પ્રતિષ્ઠાને નુકસાન અથવા રાજકીય સંવેદનશીલતાને કારણે× માહિતી નહીં.

મંગળવારે બિલ પસાર થાય તે પહેલાં જ, હાઉસ ઓવરસાઈટ કમિટી દ્વારા તપાસમાંથી એપ્સ્ટિનની મિલકતમાંથી હજારો પાનાના ઈમેઈલ્સ અને અન્ય દસ્તાવેજો મુક્ત કરવામાં આવ્યા છે.

તે દસ્તાવેજો એપ્સ્ટિનના વૈશ્વિક નેતાઓ, વોલ સ્ટ્રીટ પાવરબ્રોકર્સ, પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓ અને ખુદ ટ્રમ્પ સાથેના સંબંધો દર્શાવે છે. યુનાઈટેડ કિંગડમમાં, રાજા ચાર્લ્સ ત્રીજાએ તેમના બદનામ ભાઈ પ્રિન્સ એન્ડ્રૂ પાસેથી તેમના બાકીના પદવીઓ છીનવી લીધા અને એપ્સ્ટિન સાથેના તેમના સંબંધો પર કાર્યવાહી કરવાના દબાણ બાદ તેમને તેમના શાહી નિવાસસ્થાનમાંથી કાઢી મૂક્યા.

એપ્સટિન ફાઈલો પર ટ્રમ્પનો પલટવાર

દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે રિપબ્લિકન કાયદા નિર્માતાઓને ફાઈલો જાહેર કરવા માટે મતદાન કરવા વિનંતી કરી હતી, એમ કહીને કે તેમની અને તેમની પાર્ટી પાસે છુપાવવા માટે કંઈ નથી. પત્રકારો સાથે વાત કરતી વખતે, ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે એપ્સટિન વધુ ડેમોક્રેટ્સ સાથે જોડાયેલા હતા અને તેઓ ઈચ્છતા ન હતા કે એપ્સટિન ફાઈલો ×રિપબ્લિકન પાર્ટીની મહાન સફળતાથી વિચલિત થાય.×

ટ્રમ્પે કહ્યું છે કે તેમણે વર્ષો પહેલા એપ્સટિન સાથે સંબંધો તોડી નાખ્યા હતા, પરંતુ મહિનાઓ સુધી ખુલાસાની માંગણીઓથી આગળ વધવાનો પ્રયાસ કર્યો હો.તેમ છતાં, રિપબ્લિકન બેઝમાં ઘણા લોકો ફાઈલો જાહેર કરવાની માંગણી કરતા રહ્યા. તે દબાણમાં વધારો કરીને, એપ્સટિનના દુર્વ્યવહારમાંથી બચી ગયેલા લોકો મંગળવારે સવારે કેપિટોલની બહાર રેલી કાઢી. નવેમ્બરની ઠંડી સામે જેકેટ પહેરીને અને કિશોરાવસ્થામાં પોતાના ફોટા પકડીને, તેઓએ દુર્વ્યવહારની તેમની વાર્તાઓ સંભળાવી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.